# એલઆઈસી- ગેટવે લિટફેસ્ટમાં આ વર્ષે યુવાનો કેન્દ્રમાં રહેશે

- 1-2 માર્ચ, 2019ના એનસીપીએ ખાતે 5મી આવૃત્તિનું આયોજન.
- 22 ભારતીય ભાષાના 60 લેખકો ભાગ લેશે.

ભારતીય ભાષાના લેખન માટે સાહિત્ય મહોત્સવની આગેવાની કરતા એલઆઈસી ગેટવે લિટફેસ્ટની પાંચમી આવૃત્તિ એનસીપીએ, મુંબઈ ખાતે 1-2 માર્ચ, 2019ના રોજ યુવા લેખકોની શક્તિની ઉજવણી કરશે.

22 ભારતીય ભાષાના 60 લેખકો આ બે દિવસના કાર્યક્રમમાં 12 સત્રોમાં ભાષા લેખનમાં સાહિત્યના પ્રવાહો પર ચર્ચા કરવા અને વિચારોનું આદાનપ્રદાન કરવા માટે ભેગા થશે. આ વર્ષે કેન્દ્ર સાહિત્ય એકેડેમી યુવા પુરસ્કારના આશરે 40 વિજેતાઓ આકર્ષણરૂપ રહેશે.

ગેટવે લિટફેસ્ટ (જીએલએફ) રાષ્ટ્રીય સ્તરે ભારતીય લેખન અને લેખકોની ઉજવણી કરવા માટે પ્રથમ અને સૌથી વિશાળ મંચ હોઈ મુંબઈ સ્થિત કોમ્યુનિકેશન કન્સલ્ટન્સી પેશન 4 કોમ્યુનિકેશન અને મલયાલમ ત્રિમાસિક કાક્કા દ્વારા સંયુક્ત રીતે આયોજન કરવામાં આવે છે.

યુવા લેખનની સિદ્ધિઓને સન્માનિત અને ઉજવણી કરવી જોઈએ, એમ ફેસ્ટિવલના ડાયરેક્ટર અને મલયાલમ ત્રિમાસિક કાક્કાના એડિટર મોહન કાકાનાડને જણાવીને પ્રાદેશિક ભાષાઓ માટે શક્તિશાળી પ્રતિનિધિત્વ મંચ તરીકે ગેટવે લિટફેસ્ટના મહત્ત્વ પર ભાર આપ્યો હતો.

આ વર્ષની થીમ ભારતીય સાહિત્યમાં યુવા શક્તિ રહેશે, જે વિવિધ સાહિત્યના પ્રવાહોમાં યુવા લેખકોની સિદ્ધિઓની ઉજવણી કરશે. ઘણા બધાએ તેમની સાહિત્યની કૃતિઓ થકી પોતાની કાબેલિયત સિદ્ધ કરી છે અને પત્રોની દુનિયામાં નવો દાખલો બેસાડી રહ્યા છે. તેઓ મોરીબંદ સિસ્ટમની પરંપરાને પડકારી રહ્યા છે અને વિજયી તરીકે ઊભરી આવ્યા છે, એમ કાકાનાડને જણાવ્યું હતું.

પાંચમી આવૃત્તિનું સીમાચિહન ફેસ્ટિવલ ખાતે આશરે 40 કેન્દ્ર સાહિત્ય એકેડેમી યુવા પુરસ્કાર વિજેતા/ નોમિનીઓની હાજરી હશે. અન્ય મુખ્ય વક્તામાં પદ્મશ્રી અને સાહિત્ય અકાદમીના પ્રેસિડેન્ટ ચંદ્રશેખર કંબાર, પોલ ઝકરિયા, પેરૂમલ

મુરુગન, રણજિત હોસકોટે, મનુ પિલ્લેઈ, એસ હરીશ, હેમંત દિવટે, રામુ રામનાથન, એજે થોમસ, સંગીતા શ્રીનિવાસન લોપા, સૂર્યા ગોપી, અનામિકા હકસર અને શોભા ડેનો સમાવેશ થાય છે.

ફેસ્ટિવલના સલાહકાર અદુર ગોપાલકૃષ્ણન, પ્રતિભા રે, સચ્ચિદાનંદન, સિતાંશુ યશશ્ચંદ્ર, સુબોધ સરકાર, સચિન કેતકર, લક્ષ્મણ ગાયકવાડ અને એસ પ્રસન્નારાજન સાહિત્ય, ફિલ્મ, રંગમંચ અને કવિતા પર સત્રોમાં પોતાનાં પરિપ્રેક્ષ્યો રજૂ કરશે.

સાહિત્ય સ્વાભાવિક રીતે વહે અને વ્યાપક લોકો સુધી પહોંચે તે માટે વ્યક્તિની પોતાની ભાષામાં વિચારવાનું અને વ્યક્ત કરવાનું મહત્ત્વપૂર્ણ છે. પ્રાદેશિક ભાષામાં ઉત્કૃષ્ટ સાહિત્યની ખૂબીઓ વ્યક્ત કરવી તે ભાષાના લેખનની વ્યાપક પહોંચની ખાતરી રાખવાની ચાવી છે, એમ ઓપન મેગેઝીનના એડિટર અને ફેસ્ટિવલ એડવાઈઝરી કમિટીના સભ્ય એસ પ્રસન્નારાજને જણાવ્યું હતું.

છેલ્લી ચાર આવૃત્તિમાં ગેટવે લિટફેસ્ટ વ્યાપક દર્શક પહોંચ માટે સાધન તરીકે સ્થાનિક ભાષાને પ્રોત્સાહન આપવાના મહત્ત્વ પર ભાર આપી રહી છે અને સાંસ્કૃતિક અંતર દૂર કરવા માટે ક્ષિતિજ તરીકે ભાષાંતર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. હાલમાં ઘણા બધા અંગ્રેજી પ્રકાશકો પ્રાદેશિક ભાષાની કૃતિઓ વિવિધ સાંસ્કૃતિક વિશાળ વર્ગ સુધી પહોંચી શકે તે માટે ભાષાંતર કરાવી રહ્યા છે.

ભાષાંતર વિવિધ સંસ્કૃતિઓ અને જનસંસ્કૃતિ વચ્ચે અંતર દૂર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભાષાની ખૂબી ભાષાંતરમાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. ઉત્તમ ભાષાંતર કૃતિઓમાં મજબૂત શૈલીનું યોગ્ય માળખું હોવું જોઈએ અને સાહિત્યની કૃતિનો અચૂક સંદેશ આપવો જોઈએ, એમ ફેસ્ટિવલના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર એમ સબરીનાથે જણાવ્યું હતું.

વિવિધ ખૂણાથી જીવનને જોવા ઉપરાંત સાહિત્યએ દુનિયાના ઘણા બધા નજરિયાની ખોજ કરવામાં મદદ પણ કરી છે, એમ ફેસ્ટિવલના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર જોસેફ એલેક્ઝેન્ડરે જણાવ્યું હતું.

ગેટવે લિટફેસ્ટ વિવિધ પ્રાદેશિક સાહિત્ય પ્રવાહો માટે વ્યાપક મંચ આપે છે. 22 ભાષાના લેખકો આ વર્ષે ફેસ્ટિવલમાં ભાગ લેશે.

વધુ વિગતો માટે સંપર્ક: https://gatewaylitfest.com

https://en.wikipedia.org/wiki/Gateway_LitFest